# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 04-04-2024 Morning : 7.45 to 7.55
Day : Thursday National News

**આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.**

*****************************************************

- લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાનો આજે અંતિમ દિવસ.
- ચૂંટણી પંચે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ વડાઓ સાથે બેઠક યોજી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરી.
- લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો પ્રચાર વેગવાન બની રહ્યો છે – વિવિધ રાજકીય પક્ષોના અગ્રણી નેતાઓ ચૂંટણી રેલીઓ યોજી રહ્યા છે
- સંરક્ષણ મંત્રાલયે નવી સૈનિક શાળાઓ રાજકીય જોડાણોના આધારે ફાળવવામાં આવી રહી છે તેવા અહેવાલોને પાયાવિહોણા ગણાવ્યા છે
- IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે.

*************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# 2ND PHASE NOMINATION

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ છે. આ તબક્કામાં બાહ્ય મણિપુર લોકસભા મતવિસ્તારની સાથે 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૪૪ લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે. બાહ્ય મણિપુર મતવિસ્તારના એક ભાગમાં પ્રથમ તબક્કામાં મતદાન થશે. આ તબક્કામાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ-ત્રણ બેઠકો પર મતદાન થશે.

આ ઉપરાંત ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં પણ આ તબક્કામાં મતદાન થશે. બીજા તબક્કાનું મતદાન 26 એપ્રિલે થશે. જમ્મુ-કાશ્મીર સિવાયના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉમેદવારીપત્રોની ચકાસણી આવતીકાલે હાથ ધરવામાં આવશે. જમ્મુ-કાશ્મીરમાં 6 એપ્રિલે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે..

# RAJASTHAN-SECOND-PHASE-NOMINATION

રાજસ્થાનમાં લોકસભાની બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે. ભાજપ  કોંગ્રેસના ઘણાં વરિષ્ઠ નેતાઓએ ગઈકાલે પોતાનાં ઉમેદવારીપત્ર ભર્યા.

ભાજપના વરિષ્ઠ નેતા કોટાના ઉમેદવાર ઓમ બિરલાએ પોતાનું ઉમેદવારીપત્ર ભરતા પહેલાં વિશાળ જાહેરસભાને સંબોધન કર્યું. એ સભામાં મુખ્યમંત્રી ભજનલાલ શર્મા ઉપરાંત અનેક વરિષ્ઠ નેતાઓએ સંબોધન કર્યું.

કોંગ્રેસના ભીલવાડાના ઉમેદવાર સી.પી.જોશી, બારમેરના ઉમેદવાર ઉમેદરામ બેનીવાલ, તેમજ ઘણાં નેતાઓએ ઉમેદવારીપત્ર ભર્યા અને જાહેરસભાનું આયોજન કરી રહ્યાં છે.

# MP-NOMINATIONS

મધ્યપ્રદેશમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે સાત બેઠકો પર ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે. ગઈકાલે બીજા તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરવાના ચોથા દિવસે 33 ઉમેદવારોએ 46 ઉમેદવારી પત્રો ભર્યા હતા. અત્યાર સુધીમાં 54 ઉમેદવારોએ 73 ઉમેદવારી પત્રો ભર્યા છે. આવતીકાલે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને 8મી એપ્રિલ સુધી ઉમેદવારો પોતાના નામ  પાછા ખેંચી શકશે.

બીજા તબક્કામાં મધ્યપ્રદેશની ટીકમગઢ, દમોહ, ખજુરાહો, સતના, રીવા, હોશંગાબાદ અને બેતુલ લોકસભા બેઠકો પર 26 એપ્રિલે મતદાન થશે..

# NEW-EC---LAW---ORDER

ચૂંટણી પંચે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ વડાઓ સાથે બેઠક યોજી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરી છે. ચૂંટણીપંચે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિયામકોને આંતર રાજ્ય તેમજ આંતરરાષ્ટ્રીય સરહદો ઉપર ગેરકાયદેસર ધોરણે દારૂ, રોકડ નાણાં, માદક પદાર્થો, શસ્ત્રો અને મફતમાં વહેંચાતી ચીજો પર કડક નજર રાખવાનો આદેશ આપ્યો છે. .

ચૂંટણીપંચે 2024માં સામાન્ય ચૂંટણી મુક્ત અને શાંતિપૂર્ણ તેમજ ન્યાયી રીતે હાથ ધરવા માટે શક્ય તમામ પગલાં લેવાનો આદેશ આપ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમાર તેમજ ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબીરસિંહ સંધુએ આ બેઠકની અધ્યક્ષતા કરી હતી આ પ્રસંગે રાજીવ કુમારે મુક્ત અને નિષ્પક્ષપણે શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજવાના ચૂંટણી પંચનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. રાજીવકુમારે દરેક મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કોઈ પણ ડર વગર કરી શકે તે જોવાનો બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને આદેશ આપ્યો.

આ બેઠક દરમિયાન અરૂણાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢ જેવા પડકાર સમા રાજ્યોમાં ચૂંટણી ટુકડીઓને લાવવા લઇ જવામાં મદદરૂપ થવા ભારતીય હવાઇદળ અને રાજ્ય નાગરિક ઉડ્ડયન વિભાગના સહકારની પણ સમીક્ષા કરાઇ. તથા છત્તીસગઢ તેમજ જમ્મુ-કાશ્મીર જેવા રાજ્યોમાં રાજકીય કાર્તકર્તાઓ અને ઉમેદવારોને મળતી ધાક-ધમકીથી સુરક્ષા માટે તેમની પૂરતી સલામતી વ્યવસ્થા  કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો.

# PM - BIHAR RALLY

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જમુઈથી બિહારમાં લોકસભા ચૂંટણી માટે NDAના પ્રચારની ઔપચારિક શરૂઆત કરશે. શ્રી મોદી જમુઈ જિલ્લાના ખૈરા બ્લોકના બલ્લોપુરમાં જનસભાને સંબોધશે. NDA વચ્ચે બેઠકોની વહેંચણીની જાહેરાત બાદ બિહારમાં પ્રધાનમંત્રીની આ પ્રથમ રાજકીય બેઠક હશે.

જનતા દળ યુનાઈટેડના અધ્યક્ષ અને મુખ્યમંત્રી નીતિશ કુમાર, ભાજપના , લોક જનશક્તિ પાર્ટી- રામ વિલાસ, પૂર્વ મુખ્યમંત્રી જીતન રામ માઝીનો હિન્દુસ્તાની આવામ મોરચા અને ઉપેન્દ્ર કુશવાહાની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોક મોરચાના નેતાઓ પણ રેલીમાં ભાગ લેશે.

ચિરાગ પાસવાનના નેતૃત્વમાં લોક જનશક્તિ પાર્ટી - રામ વિલાસ જમુઈથી ત્રીજી વખત ચૂંટણી લડી રહી છે. ચિરાગ પાસવાને તેમના બનેવીને મેદાનમાં ઉતાર્યા  છે, જેમણે 2014 અને 2019માં આ જ બેઠક પરથી ચૂંટણી લડી હતી.

જમુઈની સાથે ગયા, ઔરંગાબાદ અને નવાદા લોકસભા બેઠક પર 19 એપ્રિલે  સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન થશે..

# JP NADDA -UTTRAKHAND

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડા પાર્ટીના ચૂંટણી પ્રચારને દિશા આપવા અને મતદારોનું સમર્થન મેળવવા માટે આજે ઉત્તરાખંડની બે દિવસીય મુલાકાતે આવી રહ્યા છે. તેમના મુલાકાતના પ્રથમ દિવસે, શ્રી નડ્ડા અલ્મોડા બેઠકના પિથોરાગઢ અને ટિહરી બેઠકના વિકાસનગરમાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં સભાઓને સંબોધિત કરશે. બીજેપીની યાદી મુજબ જેપી નડ્ડા આજે બપોરે પિથોરાગઢમાં રેલીને સંબોધિત કરશે. આ પછી તેઓ લગભગ 4 વાગ્યે દેહરાદૂનના વિકાસ નગરમાં બીજી રેલીને સંબોધિત કરશે.

બીજા દિવસે શ્રી નડ્ડા હરિદ્વારમાં સંતો મહંતો પાસેથી આશીર્વાદ મેળવશે, ત્યારબાદ એક રોડ શોમાં ભાગ લેશે. આ ઉપરાંત તેઓ જાહેર કાર્યક્રમો ઉપરાંત અનેક સંગઠનાત્મક બેઠકો પણ યોજાશે.

ઉલ્લેખનીય છે કે ઉત્તરાખંડની પાંચેય લોકસભા બેઠકો માટે પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે મતદાન થવાનું છે. રાજ્યના કુલ 83 લાખ 37 હજાર 914 મતદારો રાજ્યની પાંચ લોકસભા બેઠકો પર ચૂંટણી લડી રહેલા 55 ઉમેદવારોના રાજકીય ભાવિનો નિર્ણય કરશે..

# KARNATAKA-ANURAG SINGH THAKUR

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુર આજે બેંગલુરુના પ્રવાસે છે. ઉમેદવારી પત્ર ભરતી વખતે તેઓ ભાજપના ઉમેદવાર તેજસ્વી સૂર્યા સાથે રહેશે. તેજસ્વી સૂર્યા આ બેઠક પરથી  વર્તમાન સાંસદ છે અને બીજી વખત આ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા અને અન્ય બીજેપી નેતાઓ પણ તેજસ્વી સૂર્યાના ઉમેદવારીપત્ર ભરવાના સમયે હાજર રહેશે. બાદમાં સાંજે શ્રી ઠાકુર આઇટી પ્રોફેશનલ્સ સાથે પણ વાતચીત કરશે..

# SAINIK SCHOOLS

સંરક્ષણ મંત્રાલયે નવી સૈનિક શાળાઓને તેમના રાજકીય અથવા વૈચારિક જોડાણોના આધારે સંસ્થાઓ ફાળવવામાં આવી રહી હોવાના અહેવાલોને ફગાવી દીધા છે.

મંત્રાલયે કહ્યું છે કે આવા આરોપો પાયાવિહોણા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સૈનિક સ્કૂલની સ્થાપના 1960માં સૈનિક સ્કૂલ સોસાયટી હેઠળ કરવામાં આવી હતી. મંત્રાલયે કહ્યું કે હાલની 33 સૈનિક શાળાઓની નોંધપાત્ર સફળતાને ધ્યાનમાં રાખીને દેશમાં વધારાની સૈનિક શાળાઓની સતત માંગ છે. મંત્રાલયે જણાવ્યું હતું કે દેશભરના યુવાનોને સૈનિક સ્કૂલ પેટર્ન શિક્ષણનો લાભ આપવાના હેતુથી, સરકારે દેશભરમાં 100 શાળાઓ સ્થાપવાની યોજના શરૂ કરી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે નવી સૈનિક શાળાઓ માટેની યોજના સારી રીતે વિચારવામાં આવી છે અને તેમાં સખત પસંદગી પ્રક્રિયા છે, લાયક વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે હેતુઓનું સતત પાલન અને મજબૂત પ્રોત્સાહનો સુનિશ્ચિત કરવા માટે તપાસ અને સંતુલન બનાવવામાં આવ્યા છે. મંત્રાલયે કહ્યું કે અરજદાર સંસ્થાની રાજકીય અથવા  વૈચારિક જોડાણ અથવા અન્ય કોઈ પસંદગી પ્રક્રિયાને પ્રભાવિત કરતી નથી..

# NT. IPL RESULT

IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. મેચ ભારતીય સમય અનુસાર સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

દરમ્યાન ગઇકાલે કોલકાતા નાઈટ રાઈડર્સે દિલ્હી કેપિટલ્સને 106 રનથી પરાજય આપ્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સે 20 ઓવરમાં સાત વિકેટે 272 રન બનાવ્યા હતા 273 રનના લક્ષ્યનો પીછો કરતાં દિલ્હીની ટીમ 17 ઓવર અને બે બોલમાં 166 રન જ બનાવી શકી હતી.

કોલકાતા તરફથી સુનીલ નારાયણે 39 અને અંગક્રિશ રઘુવંશીએ 54 રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી વૈભવ અરોરા અને વરુણ ચક્રવર્તીએ ત્રણ-ત્રણ અને મિચેલ સ્ટાર્કે બે વિકેટ ઝડપી હતી. દિલ્હી તરફથી ઋષભ પંતે 55 અને ટ્રિસ્ટન સ્ટબ્સે 54 રન બનાવ્યા હતા..

# TABLE TENNIS - WTT FEEDER VARAZDIN

ટેબલ ટેનિસમાં WTT ફીડર વરઝદિન 2024 ટુર્નામેન્ટ આજથી ક્રોએશિયામાં શરૂ થશે. આ સ્પર્ધામાં જાણીતા ભારતીય ખેલાડીઓ સાથિયાન જ્ઞાનસેકરન અને મનિકા બત્રા સહિતના અન્ય ખેલાડીઓ ભાગ લેશે.

સાથિયાન સાથે પાયસ જૈન, હરમીત દેસાઈ અને સ્નેહિત સુરવજ્જુલા પુરુષ સિંગલ્સ સ્પર્ધાના પ્રારંભિક રાઉન્ડમાં રમશે. મહિલા સિંગલ્સમાં રીથ ટેનીસન અને યશસ્વિની ઘોરપડે પ્રારંભિક રાઉન્ડમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

મિક્સ ડબલ્સમાં, મનીકા બત્રા અને સાથિયાન જ્ઞાનસે કરનની જોડી પ્રી-ક્વાર્ટરમાં ભાગ લેશે, જ્યારે પુરુષ ડબલ્સમાં, પાયસ જૈન અને હરમીત દેસાઈની જોડી રાઉન્ડ ઓફ 16માં ભાગ લેશે.

# PREZ - MUMBAI VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મુંબઈની મુલાકાત લેશે, જ્યાં તેઓ IIT બોમ્બે ખાતે CAR-T સેલ થેરાપી રાષ્ટ્રને સમર્પિત કરશે. CAR-T સેલ થેરાપી કેન્સરના દર્દીઓની સારવાર માટે વપરાય છે. ભારતમાં IIT બોમ્બે-ઇન્ક્યુબેટેડ કંપની ઇમ્યુનોએડોપ્ટિવ સેલ થેરાપી (ઇમ્યુનોએસીટી) દ્વારા વિકસાવવામાં આવી છે.

આ ઉપચાર IIT બોમ્બે અને ટાટા મેમોરિયલ સેન્ટર (TMC) વચ્ચેના સંયુક્ત પ્રયાસથી વિકસાવવામાં આવ્યો છે. IIT બોમ્બે ખાતે ડિઝાઇન અને વિકસિત, આ થેરાપી ઇમ્યુનોએસીટી ખાતે સંકલિત પ્રક્રિયા વિકાસ અને ઉત્પાદનમાંથી પસાર થઈ છે. TMH ખાતે ટીમો દ્વારા ક્લિનિકલ તપાસ અને અનુવાદાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવ્યા હતા..

# IMD - HEAT WAVE CONDITION

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન દેશના પૂર્વ અને દરિયા કિનારાના કેટલાક વિસ્તારોમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. ઉત્તર કર્ણાટક, ઓડિશા, ગાંગીય પશ્ચિમ બંગાળ, ઝારખંડ, તેલંગાણા અને તટીય આંધ્રપ્રદેશમાં ગરમીની લહેર આવવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ત્રણ દિવસ દરમિયાન પૂર્વીય વિસ્તારોના ઘણા ભાગોમાં મહત્તમ તાપમાનમાં 2 થી ૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

બીજી તરફ હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રવિવાર સુધી પૂર્વોત્તર વિસ્તારોમાં વરસાદ અને વાવાઝોડાની સંભાવના છે. અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે. વિભાગે અરુણાચલ પ્રદેશમાં પણ ભારે વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે..